બાળિકાઓ તથા સ્ત્રીઓને ખાસ વાંચવા લાયક.



પતિવ્રતા-આરાધના

રચનાર, પ્રકાશક,

કવિ પ્રભાકર. રઘુવંશી.

[illegible] પ્રીન્ટીંગ પ્રેસ-મુંબઈ.

શ્રીધર્મગીતા.

મૂલ્ય રૂપિયા. બે. પોસ્ટેજ જૂદું. સોનેરી અક્ષરે નામવાળું સુશોભિત પાકું પૂઠું. પૃષ્ઠ ૩૧૦.

શ્રીધર્મગીતા:—શ્રી સિદ્ધાંતોનો ખજાનો છે શ્રી કેળવણીનો કલ્પતરૂ છે. **શ્રીધર્મગીતા:**—શ્રી ઉપયોગીતાનો અખૂટ ભંડાર છે.

શ્રીધર્મગીતા:—સ્ત્રીઓનું અમૂલ્ય, અનુપમ અને અપૂર્વ આભૂષણ છે. શ્રીધર્મગીતા આર્યાવર્તમાં પતિવ્રત્ય ધર્મ પ્રચાર કરનાર પવિત્ર પુસ્તક છે.

શ્રીધર્મગીતા:—અબળાઓને સુધારનારી પારસમણિ તુલ્ય છે.

શ્રીધર્મગીતા:—શ્રીમતીઓને ધારણ કરવા લાયક કૌસ્તુભ રત્ન છે.

શ્રીધર્મગીતા:—રાજા રજવાડાઓમાં વંચાતું દિવ્ય ગ્રંથ છે.

શ્રીધર્મગીતા:—હમેશાં કથા રૂપે વંચાતું માનીતું પુસ્તક છે.

શ્રીધર્મગીતા:—મોક્ષ માર્ગ તરફ લઈ જનાર ઉત્તમ વિમાન છે.

શ્રીધર્મગીતા:—સ્ત્રીઓને સર્વ પ્રકારથી સુશિક્ષિત કરનાર અનુપમ રત્ન છે. અને તેથીજ શ્રીમાન્ કચ્છાધિપતિ મહારાજા મિરજાં મહારાવશ્રી ખેંગારજી, ધરમપુરના મહારાણાશ્રી મોહનદેવસિંહજી, વળાના મહારાજાશ્રી [illegible]સિંહજી; વિગેરે રાજા રજવાડાઓએ, ભાવનગરના માજી દિવાન સાહેબ, સંસ્થાન શિહોરના કારભારી સાહેબ, જામનગરના હજુર આસીસ્ટન્ટ, પોરબંદરના માજી કયુરેટર, કચ્છના મહારાવશ્રીના સેક્રેટરી, કચ્છ કેળવણી ખાતાના એજ્યુકેશનલ ઈન્સપેક્ટર સાહેબ, નાસિકના સબજડજ રા૦ રા૦ સી. ડી. સાહેબ. વિગેરે મ્હોટા મ્હોટા પુરૂષોએ શ્રીધર્મગીતા માટે ઊંચા અભિપ્રાયો આપી સંખ્યાબંધ નકલો ખરીદી છે.

ૐ

પતિવ્રતા બારાખડી.

(હિન્દિ ભાષાં કાવ્ય-ગુજરાતી ભાષાન્તર સમલંકૃત.)

રચનાર

બ્રહ્મર્ષિ મહાત્મા શ્રી પ્રભાકર વિ૦ પ્રધાન શર્મા

"શ્રીધર્મગીતા" "મોક્ષમન્દિર" "પ્રભાકર પદ રત્નાકર" "બ્રહ્મર્ષિ બાવની" "ભગવદ્ ભજનામૃત" "વેદાંત સ્તોત્ર પ્રભાકર" "રાજર્ષિ મોહજિત્" વિગેરે વિગેરે પુસ્તકોના કર્તા અને કચ્છ મોથારા "ઋષિઆશ્રમ"ના સંસ્થાપક.

ભારત ભવિષ્ય.

ભૂપ ભૂસુર અરુ ભામિની, યાવત હૈં અજ્ઞાન;
તાવત્ ભારતવર્ષકા, કબહુ ન વ્હૈ કલ્યાન ॥૧॥

ભાવાર્થ—ભૂપ [રાજા], ભૂસુર [બ્રાહ્મણ] અને ભામિની [સ્ત્રી] એ ત્રણ "**ભકાર**" જ્યાં સુધી અજ્ઞાનદશામાં રહેશે ત્યાં સુધી (ભારતવર્ષ (જે ચતુર્થ ભકાર છે તે)નું કયારે પણ કલ્યાણ થવાતું નથી. [**શ્રીધર્મગીતા**-મુખપૃષ્ઠ.]

પ્રકાશક

ખીમજી વાલજી રઘુવંશી—વડગાદી મુંબઇ.

સમ્વત ૧૯૬૮ આવૃતિ બીજી પ્રત ૨૦૦૦, ઇ૦ સ૦ ૧૯૧૧.

મુંબઇ કાલબાદેવી પ્રીન્ટીંગ પ્રેસમાં ના. મા, મહેતાએ છાપ્યું

મૂલ્ય ૦-૨-૦

૩૮૨૫

ૐ

સમર્પણ.

શ્રીરામનવમી, નૃસિંહચતુર્દશી, શિવરાત્રી, કૃષ્ણજન્માષ્ટમી, વિનાયકચતુર્થી પ્રભૃતિ સુપ્રસિદ્ધ વૃત્તોથી તથા અન્ય સર્વ વૃત્તોથી પોતાના શિયળ વ્રતને સર્વોત્તમ જાણી તે (શિયળ વ્રત) નું અહર્નિશ સંરક્ષણ કરી પોતાના મન, કર્મ અને વચનથી પોતાના પતિને પરમેશ્વરની પેઠે વિશુદ્ધભાવથી-અભેદભાવથી યજેછે તેવી ધર્મપરાયણા સતી સુન્દરીઓને વિક્રમ સમ્વત ૧૯૬૮ (પોતાના જીવન વર્ષારંભ દ્વાત્રિંશ) ની પવિત્ર પ્રતિપદા તિથિના પ્રભાતકાળે એક વીર (ભાઇ) ની પસલી રૂપે તેમના ધર્મભ્રાતા "ઋષિ પ્રભાકર" તરફથી આ "પતિવ્રતા બારાખડી" નામક પુસ્તક સ્નેહ પૂર્વક સમર્પણ કરવામાં આવે છે.

સિદ્ધાન્ત.

પુરાતન કાળમાં આપણા ભારતવર્ષમાં સ્ત્રીજાતી, વિદ્યા, સ્વધર્મ, નીતિ, આત્મવિદ્યા પ્રભૃતિમાં પરિપૂર્ણરીત્યા પારંગતા હતી, અને તેથીજ તેઓ પોતાના પરમેશ્વર સ્વરૂપ પતિપ્રત્યે પોતાનાં કર્તવ્ય-કર્મને સાંગોપાંગ પાળી તદનુસાર વર્તનારી હતી. એજ મહિલામંડળ અધુના વિદ્યા અને સ્વધર્મ સંરક્ષણથી પતિત હોઇ અજ્ઞાન દશામાં પોતાના જીવનને વ્યતીત કરે છે એ આપ્તપુરૂષોને સર્વથા અસહ્ય વાર્તા છે. કારણકે સ્ત્રીજાતિની ઉન્નતિ થવા વિના ભારતવર્ષની ઉન્નતિ થવી એ શશશૃંગ શદ્રશઃ છે. એ નિશ્ચિત સિદ્ધાન્ત છે. વર્તમાનકાળમાં કેટલાક સ્વાર્થ સાધક વેષધારી પાખંડી ધર્મોપદેશકો સ્ત્રીજાતીને તેમના સ્વધર્મ સંબંધી યથાર્થસદ્બોધ ન આપતા હોવાથી કેટલીક સ્ત્રીઓ પોતાના વાસ્તવિક ધર્મને ભૂલી ગયેલી જોવામાં આવે છે અને તેના સ્થાને અન્ય પાખંડધર્મનેજ પોતાનો સ્વધર્મ સમજી તદનુસાર આચરણ કરવામાંજ પોતાને કૃત્યકૃત્ય માનવા લાગી છે. પરંતુ એ વાર્તા આપણા નિરવદ્ય વેદોક્ત સનાતનધર્મના પવિત્ર સિદ્ધાન્તથી વિરૂદ્ધ હોવાથી ત્યાજ્ય (તજવા લાયક) છે. કેમકે સનાતનધર્માનુસાર સ્ત્રી જાતિનો સ્વધર્મતો "પતિસેવા" એજ છે. અને એજ સિદ્ધાન્તના સંરક્ષણાર્થ તથા સાંગોપાંગ પ્રચારાર્થ આ "પતિવૃતા

બારાખડી” નામક પુસ્તકની રચના યથા શકિત કરવામાં આવી છે. આ “પતિવ્રતા બારાખડી” ને પુત્ર માતાની પાસે, ભાઇ બ્હેનની પાસે, અને પિતા પુત્રીની પાસે વાંચવામાં કોઇપણ પ્રકારની અડચણ નથી. માટેજ અમારી સમસ્ત બ્હેનોને આ પુસ્તક એક વખત વાંચવાની અથવા જે વાંચી ન જાણતી હોય તેને શ્રવણ કરવાની અત્ર આગ્રહ પૂર્વક સૂચના આપવામાં આવે છે, આવા સ્ત્રી ઉપયોગી પુસ્તકોની આપણા શ્રીમંતોએ પોતાને ત્યાં શુભ પ્રસંગે પોતાની જ્ઞાતિમાં પોતાનાં સગાં-સંબંધીઓ, સંસર્ગીઓમાં લ્હાંણી કરવાની અત્યંત આવશ્યકતા છે. આ પુસ્તકની પ્રથમાવૃત્તિની ૧૦૦૦ પ્રત અલ્પ સમયમાં ખપી જવાથી આ બીજી આવૃતિની પ્રત૨૦૦૦) કચ્છદેશાન્તર્ગત્ કોટડી (મહાદેવપુરી) ના રહાશ સજ્જનવર્ય રા૦ રા૦ ગોવિન્દજી માવજીના આશ્રયથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. સજ્જનવર્ય રા૦ રા૦ ગોવિન્દજી માવજી સ્ત્રી કેળવણીના પરમપોષક હોવાથી તેમને અત્ર ધન્યવાદ પ્રદાન કરવામાં આવે છે. અને એજ પદ્ધતિનું સજ્જન પુરૂષોએ અનુકરણ કરી સ્ત્રી ઉપયોગી પુસ્તકોનો અધિક પ્રચાર કરવામાં પોતાના દ્રવ્યનો સદુ-પયોગ કરવો એવો અમારો નમ્ર સિદ્ધાન્ત છે.

સ્થળ.
મુંબઇ, વડગાદી,
શ્રી રામમન્દિર સન્મુખ
ધારસી નાનજીનો માળો.

ભવદીય,

(ઋષિ પ્રભાકર.)

ॐ

પતિવ્રતા-બારાખડી.

(ગુજરાતી ભાષાન્તર સમેત.)

દોહા (મંગલાચરણ.)

શ્રી સિદ્ધેશ્વર સુમિરિકેં, રચીહોં કાવ્ય અનૂપ;
જાકોં સુન્દરી શ્રવણ કરી, લહહીં આપકો રૂપ. ૧.

ભાવાર્થ:—શ્રી સિદ્ધપુરૂષોના ઇશ્વર ઇષ્ટદેવ સિદ્ધેશ્વર ભગવાનનું સ્મરણ કરીને અનૂપ કાવ્યની રચના કરૂં છું. જેને સ્ત્રી જાતિ શ્રવણ કરી પોતાના સ્વરૂપ-સ્વધર્મને પ્રાપ્ત થશે.

સદ્‌ગુરૂ શ્રી ક્ષેમેન્દ્રકોં, વંદૌં વારંવાર,
જાકે પરમ પ્રસાદતૈં, પાયો યહ અધિકાર. ૨.

ભાવાર્થ:—સદ્‌ગુરૂ શ્રી ક્ષેમેન્દ્ર મહારાજને વારંવાર નમસ્કાર કરૂં છું. જેની પરમ પ્રસન્નતાથી-કરૂણા દ્રષ્ટિથી આ અધિકાર (ગ્રંથ રચના) ની પ્રાપ્તિ થઇ છે.

પિતારૂપ ભગવાન્ શ્રી, વંદૌં વ્યાસ પ્રધાન,
જિન્હ પલ પલ મમ શ્રેયહિત, કીન્હ પ્રબોધ પ્રદાન. ૩.

ભાવાર્થ:—પરમપૂજ્યપાદ ભગવત્ સ્વરૂપ પિતા શ્રી પ્રધાન વ્યાસને પ્રણામ કરૂં છું; જેમણે પળે પળે મ્હારા શ્રેય-કલ્યાણ માટે પ્રબોધ-ઉત્કૃષ્ટ બોધ પ્રદાન કર્યું છે.

કોવિદ કૃપા નિધાન સબ, દેહુ યહ વરદાન,
યાતૈં કાવ્ય નવિન યહ, હોવહીં પરમ પ્રમાણ. ૪.

ભાવાર્થઃ—કૃપાના નિધાન-ભંડાર સર્વ કોવિદ-પંડિત પુરૂષો આ પ્રમાણે વરદાન આપો કે જેનાથી આ નવિન કાવ્ય (આ સંસારમાં) પરમ પ્રમાણ રૂપ થાય.

પતિવ્રતા બારાખડી, મમ બુદ્ધિ અનુસાર,
ઋષિ પ્રભાકર રચત હૌં, કરિકેં શાસ્ત્ર વિચાર. ૫.

ભાવાર્થઃ—આ "પતિવ્રતા બારાખડી" નામક પુસ્તક મ્હારી બુદ્ધિ પ્રમાણે શાસ્ત્રનું વિચાર કરીને હું (ઋષિ પ્રભાકર શર્મા) રચના કરૂં છું.

ચતુષ્પદીવૃત (ચૌપાઈ)

કક્કા કબહું કુસંગ ન કીજૈં,
નિજ પતિકો નિત ધ્યાન ધરીજૈં;
પતિ ચરણામૃત નિશદિન પીજૈં,
તિયતન પાઈ લાવ યહ લીજૈં. ૬.

ભાવાર્થઃ—કક્કા અક્ષરથી એ પ્રમાણે સદ્‌બોધ ગ્રહણ કરાય છે કેઃ—ક્યારે પણ કુસંગ કરવો નહિં કારણ કે કુસંગ-થી—ખરાબ સંગથી મહાન્ દુઃખની પ્રાપ્તિ થાય છે. એ સર્વદા સ્મરણમાં રાખવું. પોતાના પતિનું નિરંતર ધ્યાન

ધારણ કરવું તથા પતિના ચરણામૃતનું અહર્નિશ પાન કરવું. સ્ત્રી શરીર (કે જે દેવતાઓને પણ દુર્લભ્ય છે તે) ને પ્રાપ્ત થઈને આ લાવ લેવું ઉચિત છે.

ખખ્ખા ખગપતિપતિ યહ ભાખહીં,
સતીકાં સેવ્ય પતિઈક દાખહીં;
શ્રીમુખ નિસૃત બાકય બિચારી,
પતિમૂર્તિ સેવહુ સુખકારા. ૭

ભાવાર્થ:—ખખ્ખા અક્ષરથી એ પ્રમાણે સદ્બોધ ગ્રહણ કરાય છે કે:-ખ એટલે આકાશ તેમાં ગ એટલે ગમન કરનાર ખગ અર્થાત્ પક્ષિ કહેવાય છે તેના પતિ ગરૂડજી અને તે (ગરૂડજી) ના પતિ વિષ્ણુભગવાન્ આ પ્રમાણે ભાખે છે કે:-સતી સ્ત્રીને સેવા કરવા લાયક એક જ તેનો પતિ છે. આ શ્રીમુખમાંથી નિકળેલા વાકયનું વિચાર કરીને પોતાનાં પતિની મૂર્તિ જે સર્વદા સુખને આપનારી છે તેનું સેવન કરવું સર્વથા શ્રેયસ્કર છે.

ગગ્ગા ગોવિન્દ સમ પતિ જાનહુ,
તનિક ભેદ યામેં નાહિ આનહુ;

સગુણ બ્રહ્મ પતિ પ્રાતમા જાની,
સેવહુ સુખકર કાન્ત સયાની. ૮

ભાવાર્થ:—ગગ્ગા અક્ષરથી એ પ્રમાણે સદ્દબોધ ગ્રહણ કરાય છે કે:-ગોવિન્દ ભગવાન્‌ની સમાન પોતાના પતિને જાણવું તેમાં યત્‌કિંચિત્ પણ ભેદ આણવું નહિં. પોતાના પતિને સગુણબ્રહ્મની મૂર્તિ જાણી તેમની સદા સર્વદા સેવા કરવી એ સુશિક્ષિતા સ્ત્રીનું મૂખ્ય કર્ત્તવ્ય છે. અને એજ કર્ત્તવ્યના અવલંબનથી સ્ત્રી આ સંસારમાં સર્વ પ્રકારનાં સુખને પ્રાપ્ત થઇને દેહત્યાગ પશ્ચાત્ ભગવત્ ધામમાં પ્રવેશ કરે છે.

નન્ના નિગમાગમ યું કહહીં,
પતિવ્રતધર્મ યઃ ગૃહિણિ ગ્રહહીં;
તા સમ ભાગ્યવન્ત કોઉ નાંહીં,
સ્વર્ગ મૃત્યુ પાતાલકે માંહીં. ૯

ભાવાર્થ:—નન્ના અક્ષરથી એ પ્રમાણે સદ્દબોધ ગ્રહણ કરાય છે કે:—નિગમ એટલે વેદ (ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અને અથર્વણ) અને આગમ એટલે પુરાણ આ

પ્રમાણે વદે છે કે:—જે સ્ત્રી પતિવ્રતધર્મનું ગ્રહણ કરે છે તે (પતિવ્રતા સ્ત્રી) ની સમાન સ્વર્ગ લોક, મૃત્યુલોક, અને પાતાલ લોકમાં કોઈપણ ભાગ્યશાળી નથી. (કારણકે સ્વધર્મ સંરક્ષણનો મહિમા અપૂર્વ છે.)

ચચ્ચા ચિતમહઁ ધરી ચતુરાઈ,
કાન્ત કહહીં સોઈ કરહુ સદાઈ;
નારીધર્મકી નીતિ યહ નીકી,
યા બિનુ બાત આન સબ ફીકી. ૧૦

ભાવાર્થ:—ચચ્ચા અક્ષરથી એ પ્રમાણે સદ્‌બોધ ગ્રહણ કરાય છે કે:— (પતિવ્રતા સ્ત્રીએ પોતાના) ચિત્તમાં ચાતુર્યતાને ધારણ કરી જે પ્રમાણે પોતાનો પતિ કહે-આજ્ઞા કરે તે પ્રમાણે સર્વદા કરવું એજ સ્ત્રી ધર્મની શ્રેષ્ઠ નીતિ છે. એ સિવાય અન્ય સર્વ વાર્તા ફીકી નિઃરસ-નિસ્સાર છે. (વિશેષ જાણવા માટે સ્ત્રી ઉપયોગી "સ્ત્રીધર્મ ગીતા" નામક પુસ્તકનું અવલોકન કરવું.)

છછ્છા છલતા છાંડો સબનસોં,
સેવહુ નિજપતિ તન મન ધનસોં;

ભામિનીકોં ભર્ત્તા ભગવાના,
યામહઁ ચારોહું બેદ પ્રમાના. ૧૧

ભાવાર્થ:—છછછા અક્ષરથી એ પ્રમાણે સદ્બોધ ગ્રહણ કરાય છે કે:—સર્વથી- સગાં સંબંધીઓ, સંસર્ગીઓ,) થી કાપટયતાને પરિત્યાગ કરી પોતાના પતિની તન મન અને ધનથી સેવા કરવી. (કેમકે) ભામિની (સ્ત્રી) નો પતિ છે તેજ ભગવાન્ છે જેમાં ઋગવેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વણ એ ચારે વેદ પ્રમાણ રૂપ છે. અર્થાત્ પોતાના પતિને પરમેશ્વરની પેઠે ભજવું એજ વેદના પરમ પવિત્ર નિર્ભ્રાન્ત સિદ્ધાન્ત છે.

જજ્જા જનકરૂપ જગ જાની,
કિમ્વા ભ્રાતૃ ભાવ ઉર આની;
કરહુ શીલકી નિત રખબારી,
યાતૈં મિલહીં પદારથ ચ્યારી. ૧૨

ભાવાર્થ:—જજ્જા અક્ષરથી એ પ્રમાણે સદ્બોધ ગ્રહણ કરાય છે કે:—આ સંસારમાં (પોતાના પતિ સિવાય) સમગ્ર મનુષ્યોને પોતાના પિતાની પેઠે જાણી અથવા

પોતાના અંતઃકરણમાં ભ્રાતૃભાવ ધારણ કરી નિરંતર પોતાના શિયળવૃતનું સંરક્ષણ કરવું જેનાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પદાર્થની પ્રાપ્તિ થાય છે.

ઝઝ્ઝા ઝટિતિ જપહુ પતિનામા,
યહ પ્રધાન સાધન અભિરામા;
નારાયણ સમ નાથ નિહારહીં,
સોઇ નારી નિજ જન્મ સુધારહીં. ૧૩

ભાવાર્થઃ—ઝઝા અક્ષરથી એ પ્રમાણે સદ્બોધ ગ્રહણ કરાય છે કેઃ—પતિવ્રતા સ્ત્રીએ પોતાના પતિના નામનું તત્કાલ જપ કરવું. આ સાધન મૂખ્ય અને શ્રેષ્ઠ છે. જે સ્ત્રી સાક્ષાત્ નારાયણ ભગવાનની પેઠે પોતાના નાથ(પતિ) ને નિહાળે છે–જુએ છે તેજ નારી પોતાના જન્મને સુધારે છે. (પતિ નામ સ્મરણ સંબંધી વિશેષ જાણવાનો જેમને જિજ્ઞાસા હોય તેમણે સ્ત્રીઉપયોગી "સ્ત્રીધર્મગીતા" નામક પુસ્તકનું અવલોકન કરવું.)

નન્ના નિર્મલ મનિષા ધારી,
સ્વપતિકોં સેવહીં જો નારી;

સોઇ મુક્તિ કરતલ તિય લહહીં,
યા બિધ દશ ઉપનિષદ્ કહહી. ૧૪

ભાવાર્થઃ--નન્ના અક્ષરથી એ પ્રમાણે સદ્બોધ ગ્રહણ કરાય છે કેઃ—જે સ્ત્રી નિર્મલ બુદ્ધિને ધારણ કરી પોતાના પતિની સેવા કરે છે તેજ સ્ત્રી મુકિતને પોતાના કરતલ-હથેલીમાં ધારણ કરવા સમર્થ થઇ શકે છે આ પ્રમાણે, ઇશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડ, માંડુકય, ઐતરેય, તૈતરીય, બ્રહદારણ્ય અને છાંદોગ્ય (કે જેઓ ઉપનિષદોમાં મુખ્ય દશ ઉપનિષદો છે તે) કહે છે.

ટાક્ષર ટેક એક ઉર ધારી,
પતિવૃત ધર્મ પ્રતાપ બિચારી;
પતિવૃતા પ્રમદાકે પાહીં,
પાવક ચન્દન સમ હોઈ જાહીં. ૧૫

ભાવાર્થઃ—ટા અક્ષરથી એ પ્રમાણે સદ્બોધ ગ્રહણ કરાય છે કેઃ-પતિવ્રતા સ્ત્રીએ પોતાના અંતઃકરણ-માં એકજ ટેક ધારણ કરી પાતિવ્રત્યધર્મના પ્રતાપનું વિચાર કરવું જોઈએ કારણ કે પતિવ્રતા સ્ત્રીની આગળ અગ્નિ પણ ચન્દન સમાન શીતલ થઈ જાય છે. વિશેષ

જાણુવા માટે "સ્ત્રીધર્મગીતા" નામક પુસ્તકમાં 'પતિવ્રતા સુમતિ અને અગ્નિ કુંડ" ની કથાનું અવલોકન કરવું.

ઠઠ્ઠા ઠગ બહુરી કલિમાંહીં,
ધર્મ સનાતન ભાખત નાંહીં;
તાકો સંગ કરહુ જનિ ભૂલી,
દાંભિન્હકે મુખ ડારહુ ધૂલી. ૧૬

ભાવાર્થઃ—ઠઠ્ઠા અક્ષરથી એ પ્રમાણે સદ્‍બોધ ગ્રહણ કરાય છે કેઃ—આ કલિયુગમાં કેટલાક ઠગ લોકો કે જેઓ સનાતનધર્મના પવિત્ર સિદ્ધાન્તોનું પ્રચાર કરતા નથી તેવા ધૂર્તોનો સંગ કયારે ભૂલેચુકે પણ કરવો ઉચિત નથી. એવા દાંભિકોનાં મુખમાં તો ધુળ નાંખવીજ ઉચિત છે. અર્થાત્ રહસ્ય એપ્રમાણે છે કે જે ધર્મગુરૂઓ સ્ત્રીઓને તેમના સ્વધર્મ સંરક્ષણનો ઉપદેશ આપતા નથી તેવા ધર્મગુરૂઓથી સ્ત્રી જાતિએ દુર રહેવું એજ અભિપ્રાય છે.

ડડ્ડા ડરહુ સદા દુર્જનસોં,
સ્મરહુ સુખદ શ્રીહરિ ઈક મનસોં;

પતિસોં ગુપ્ત ધર્મ સબ જૂઠે,
પતિ બંચકકોં શ્રીપતિ રૂઠે. ૧૭

ભાવાર્થ:---ડડડા અક્ષરથી એ પ્રમાણે સદ્‌બોધ ગ્રહણ કરાય છે કેઃ-પતિવ્રતા સ્ત્રીએ સર્વદા દુર્જનના સંસર્ગથી ડરવું જોઇએ કેમકે દુર્જન સંસર્ગ જ અધોગતિમાં લઈ જાય છે. માટે દુર્જન સંગથી ડરી અને સુખના આપનારા શ્રી હરિનું એકાગ્રવૃતિ પૂર્વક સ્મરણ કરવું. પોતાના પતિથી જે ગુપ્ત ધર્મ-કર્મ કરવામાં આવે છે તે ધર્મ-કર્મ સર્વ જૂઠાં છે. અર્થાત્ નરકમાં લઈ જનારાં છે કેમકે પોતાના પતિને ઠગનારી સ્ત્રી ઉપર સાક્ષાત્ શ્રીપતિ-લક્ષ્મીપતિ વિષ્ણુ ભગવાન્ કોપાયમાન થાય છે. માટે પતિવ્રતા સ્ત્રીએ પોતાના પતિથી કોઈ પણ કાર્ય ગુપ્ત રીતે કરવું ઉચિત નથી. એ સર્વથા સ્મરણમાં રાખવું.

ઢઠ્ઠા ઢોંગ પહિચાનહુ સોઈ,
યામેં પતિપૂજન નવ હોઈ;
પતિસોં ભેદભાવ જો ધરહીં,
કોટિ કલ્પ સોઇ નરકહું પરહીં. ૧૮

ભાવાર્થઃ—ઢઠ્ઠા અક્ષરથી એ પ્રમાણે સદ્દબોધ ગ્રહણ કરાય છે કેઃ-જે ધર્મમાં, જે કર્મમાં પોતાના પતિનું પૂજન ન હોય તે ધર્મ, તે કર્મ સર્વ ઢોંગ-પાખંડ છે એ પ્રમાણે જાણવું. કારણકે પોતાના પરમેશ્વર તુલ્ય પતિથી જે સ્ત્રી ભેદભાવ-ભેદબુદ્ધિ ધારણ કરે છે તે સ્ત્રી કોટિ કલ્પ પર્યન્ત નરક લોકમાં જઇને પડે છે.

તત્તા તિય યહ પતિ પદ રાચી,
તાકોં તજ્ઞ કહહીં સતી સાચી;
યા બિનુ બાત આન સબ કાચી,
દેખહુ બેદ બેદાન્ત હિ બાંચી. ૧૯

ભાવાર્થઃ—તત્તા અક્ષરથી એ પ્રમાણે સદ્દબોધ ગ્રહણ કરાય છેકેઃ-જે સ્ત્રી પોતાના પતિના ચરણકમલમાં પ્રસન્ન રહે છે તેનેજ તત્ત્વવેત્તા સાચી સતિ સ્ત્રી કહે છે. તે સિવાય અન્ય સવ વાર્તા કાચી-જાઠી છે. આ સંબંધમાં વેદ વેદાન્તનું અવલોકન કરીને જુઓ. અર્થાત્ સમગ્ર સચ્છાસ્ત્રોનું મુકતકંઠથી કથન છે કેઃ-સ્ત્રીઓને ઉપાસ્યદેવ તેમનો પતિજ છે. વિશેષ જાણવા માટે "પતિવૃતા

સ્રીઓની ટેક નામક ઉલ્લેખનું "સ્રીધર્મગીતા"માં અવલોકન કરવું.

થથ્થા સ્થિર મન કરિકે રાખહુ,
નિજપતિકે ગુણ નિશદિન ભાખહુ;
કુલમર્યાદ સરિસ બિચારી,
બિચરહીં બિશ્વ ધન્ય સોઇ નારી. ૨૦

ભાવાર્થઃ—થથ્થા અક્ષરથી એ પ્રમાણે સદ્બોધ ગ્રહણ કરાય છે કેઃ—જે સ્રી પોતાના મનને સર્વદા સ્થિર કરીને રાખે છે તથા પોતાના પતિના ગુણોને નિશદિન ભાખે છે અને પોતાના કુળની મર્યાદ પ્રમાણે વિચાર પૂર્વક આ સંસારમાં વિચરે છે તે સ્રી ખરેખર ધન્યવાદને પાત્ર છે.

દદ્દા દાન દીનકોં દેહુ,
આત્મદ્રષ્ટિ સબમેં કરિ લેહુ;
અન્નદાન સમ આન ન દાના,
શ્રીમુખ યું ભાખહીં વિધ નાના. ૨૧

ભાવાર્થ:—દદ્દા અક્ષરથી એ પ્રમાણે સદ્‌બોધ ગ્રહણ કરાય છે કે:-દીન-ગરીબને સર્વદા દાન દેવું તથા સર્વમાં આત્મદ્રષ્ટિ રાખવી અર્થાત્ સર્વ પ્રાણીને પોતાના આત્માની પેઠે નિહાળવું, અન્નદાનની સમાન અન્ય કોઇ પણ દાન નથી એ પ્રમાણે વિવિધ પ્રકારથો શ્રીમુખથી ભગવાન્ ભાખે છે.

ધદ્ધા ધર્મ પતિવ્રત ધારી,
સેવહીં પતિપદ જો સુખકારી;
પતિવ્રત ધર્મ પ્રતાપ અમાપા,
સતી દર્શનસોં વ્હૈં નિષ્પાપા. ૨૨

ભાવાર્થ:—ધધ્ધા અક્ષરથી એ પ્રમાણે સદ્‌બોધ ગ્રહણ કરાય છે કે:-જે સ્રી પાતિવ્રત્યધર્મનું ધારણ કરી પોતાના પતિના ચરણ કમલ જે સુખકારી છે તેનું સેવન કરે છે. તેજ ખરેખર સાચી સતી સ્રી છે. પાતિવ્રત્ય ધર્મ પાલનનું પ્રતાપ અમાપ-માપ વિનાનું છે. સતી સ્રીના દર્શનથી મનુષ્ય નિષ્પાપ થાય છે.

નન્ના નિષ્ઠા એક કરીકે,
નિગમાગમ શાસન અનુસરીકે;
સૃજનહાર સમ જાનહુ સ્વામી,
આપ કહહીં શ્રી અન્તર્યામી. ૨૩

ભાવાર્થ:--નન્ના અક્ષરથી એ પ્રમાણે સદ્દબોધ ગ્રહણ કરાય છે કે:-પતિવ્રતા સ્ત્રીએ પોતાની એક નિષ્ઠા રાખીને, તથા વેદ અને પુરાણની આજ્ઞાને અનુસરીને સૃજનહાર-પરમેશ્વરની પેઠે પોતાના પતિને જાણવું જોઈએ એ પ્રમાણે શ્રી અન્તર્યામી ભગવાન્ આપજ વર્ણન કરે છે.

પપ્પા કરહુ પતિ પદ પૂજા,
નારીધર્મ પતિદેવ ન દૂજા;
પદ્માવતી ભઈ પતિ પ્યારી,
જિન્હ સદૈવ પતિ સેવ સ્વિકારી. ૨૪

ભાવાર્થ:—પપ્પા અક્ષરથી એ પ્રમાણે સદ્દબોધ ગ્રહણ કરાય છે કે:--પતિવ્રતા સ્ત્રીએ સર્વદા પોતાના

પતિના ચરણ કમલનું પૂજન કરવું કેમકે સ્ત્રી ધર્મમાં સ્ત્રીનો દેવ એકજ તેનો પતિ છે. તે સિવાય બીજો કોઈપણ દેવ નથી. પુરાતન કાળમાં મહાન્ સતિ પદ્માવતી પોતાના પતિને પ્રિય થઇ ગઇ છે કે જેણે સર્વદા પોતાના પતિની સેવા સ્વિકારી હતી.

ફફ્ફા ફલ અનૂપ સોઈ પાવહીં
જો મુખસોં નિજ સ્વામી સરાવહીં
બિષ્ણુ બિરંચિ આદિ સુર જેતે
પતિ બપુમાંહીં બસહીં સબ તે તે. ૨૫

ભાવાર્થ—ફફ્ફા અક્ષરથી એ પ્રમાણે સદ્બોધ ગ્રહણ કરાય છે કેઃ—જે પતિવ્રતા સ્ત્રી પોતાના મુખથી પોતાના પતિની પ્રશંસા કરે છે તે સ્ત્રી અનૂપ ફળને પ્રાપ્ત થાય છે. કારણકે વિષ્ણુભગવાન્, બ્રહ્મા, વિગેરે જેટલા દેવતાઓ છે તે સર્વ દેવતાઓ પતિના શરીરમાં નિવાસ કરે છે. એમાં લવલેશ પણ સંદેહ નથી. (વિશેષ જાણવા માટે વાંચો "સ્ત્રીધર્મગીતા") -

બબ્બા બોધ બિચારી અવિરલ
સતિ ચરિત શૃણુ સુખકર પલપલ
યાતેં પતિવ્રત ધર્મ પ્રકાશહીં
અવિદ્યા કૃત સબ ભેદ બિનાશહીં. ૨૬

ભાવાર્થ:—બબ્બા અક્ષરથી એ પ્રમાણે સદ્દબોધ ગ્રહણ કરાય છે કેઃ– પતિવ્રતા સ્ત્રીએ પતિધર્મ સંબંધી બોધનો નિરંતર વિચાર કરવો. તથા સતી સ્ત્રીઓનાં સુખને આપનારાં વિવિધ ચરિત્રો પળે પળે શ્રવણ કરવા જેનાથી પાતિવ્રત્યધર્મનો પ્રકાશ થાય અને અવિદ્યા દ્વારા ઉત્પન્ન થયેલ સર્વ પ્રકારના ભેદનો વિનાશ થાય.

ભભ્ભા ભારતમેં યદુરાઇ
આપ કહહીં કમલાસોં ગાઈ
પાતમૂર્ત્તિ ત્યજિ મોહં યઃ ધ્યાવહીં
સો તિય નાના નરકહિ પાવહીં. ૨૭

ભાવાર્થ:—ભભ્ભા અક્ષરથી એ પ્રમાણે સદ્દબોધ ગ્રહણ કરાય છે કેઃ– મહાભારતમાં શ્રી કૃષ્ણ ભગવાન્

આપજ કમલા પ્રત્યે કહ્યું છે કે જે પતિવ્રતા સ્ત્રી પોતાના પતિની મૂર્તિનો ત્યાગ કરી–અનાદર કરી મારૂં ધ્યાન ધરે છે તે સ્ત્રી નાના પ્રકારના નરક લોકમાં દુઃખને પ્રાપ્ત થાય છે. (વર્તમાનકાળમાં પતિનો અનાદર કરી દેવ દર્શનાર્થ જનારી નારીએ આ વાકય સ્મરણમાં રાખવું.)

મમ્મા માન છાંડી પતિ આગેં,
જો માનિની પતિપદ અનુરાગેં;
સો ગોપદ ઇવ ભવનિધિ તરહીં,
યાજ્ઞવલ્કય યહ આકય ઉચ્ચરહીં. ૨૮

ભાવાર્થ :—મમ્મા અક્ષરથી એ પ્રમાણે સદ્બોધ ગ્રહણ કરાય છે કેઃ–જે પતિવ્રતા સ્ત્રી પોતાના પતિની આગળ માન–મમતાનો પરિત્યાગ કરી પોતાના પતિના ચરણકમળમાં પ્રીતિ ધારણ કરે છે. તે સ્ત્રી ગોપદઇવ અર્થાત્ ગાયના ચરણમાં રહેલ જલને તરવામાં જેમ વિલંબ ન લાગે તે પ્રમાણે આ સંસાર સમુદ્રથી તરી

જાય છે એ પ્રમાણે મહર્ષિ યાજ્ઞવલ્કય વાકયનો ઉચ્ચાર કરે છે.

યય્યા યજ્ઞ કરહીં શત કોઈ,
તાકો ફલ જો ઉત્કટ હોઈ;
તાતેં સહસ્ત્રગુણાધક પાવહીં,
જો પ્રમદા પતિપ્રતિમા ધ્યાવહીં. ૨૯

ભાવાર્થઃ—યય્યા અક્ષરથી એ પ્રમાણે સદ્બોધ ગ્રહણ કરાય છે કેઃ- જે સ્ત્રી સેંકડો યજ્ઞ કરે અને તેનાથી જે શ્રેષ્ટ ફળની પ્રાપ્તિ થાય; તેના કરતાં હજાર ગુણ અધિક ફળને તે સ્ત્રી પ્રાપ્ત થાય છે કે જે સ્ત્રી પોતાના પતિ મૂર્તિનું ધ્યાન ધારણ કરે છે.

રર્રા રામચન્દ્ર યું કહહીં,
પતિપરાયણ જો તિય અહહીં;
તા તિયકોં મેં બશ્ય સદાઈ,
સુનહુ પ્રિય મમ લક્ષ્મણ ભાઈ. ૩૦

ભાવાર્થ:—રરરા અક્ષરથી એ પ્રમાણે સદ્‌બોધ ગ્રહણ કરાય છે કે:- મર્યાદા પુરૂષોતમ ભગવાન્ રામચંદ્રજી એ પ્રમાણે કહે છે કે જે સ્ત્રી પોતાના પતિ પરાયણા હોય છે. તેવી પતિવ્રતા સ્ત્રીને હું સર્વદા વશ છું-આધીન છું. હે મ્હારા પરમપ્રિય લક્ષ્મણ બન્ધુ! આ મ્હારો નિશ્ચિતસિદ્ધાન્ત શ્રવણ કરો. (અહો? ભગવાન્ રામચંદ્રજીનો કેટલો બધો પવિત્ર બોધ!)

લાક્ષર લક્ષ્મી સમ સોઈ નારી,
જાકો પતિપ્રતિકૃતિ હૈં પ્યારી;
ધર્મશાસ્ત્ર કહૈં નિત્ય પુકારી,
તા તિયપૈં જાઉં બલિહારી. ૩૧

ભાવાર્થ:—લાઅક્ષરથી એ પ્રમાણે સદ્‌બોધ ગ્રહણ કરાય છે કે:—જે સ્ત્રીને પોતાના પતિની પ્રતિકૃતિ-મૂર્ત્તિ પ્યારી છે અર્થાત્ જે પોતાની પતિ મૂર્તિને પ્રભુ ભાવથી યજે છે. તે સ્ત્રી ખરેખર લક્ષ્મીનીસમાન છે. તેવી ધર્મનિષ્ઠાના સંબંધમાં ધર્મશાસ્ત્રો વારંવાર પુકારીને કહે છે કે તેવી પતિવ્રતા સ્ત્રીઓની ઉપર અમે બલિહાર જઈએ છઇએ.

વ૦વા વૃન્દા પતિવ્રતા નારી,
સુમિરહુ તાકી કથા સુખકારી;
યદપિ દુષ્ટ દાનવકી દાસી,
તદપિ તાહિ વશ ભયે અબિનાશી. ૩૨

ભાવાર્થ:—વ૦વા અક્ષરથી એ પ્રમાણે સદ્‌બોધ ગ્રહણ કરાય છે કે:—વૃન્દાનામક પતિવ્રતા સ્ત્રી જે થઇ ગઇ છે તેની પવિત્ર કથા-સુખને આપનારી છે તેનું વારંવાર સ્મરણ કરવું. જો કે વૃન્દા દુષ્ટ દાનવ (જાલંધર)ની સ્ત્રી હતી છતાં પણ (તેના પાતિવ્રત્ય ધર્મના પ્રભાવથી) તેને અવિનાશી પુરાણ પુરૂષોત્તમ પરમાત્મા તેના ઉપર પ્રસન્ન થઇ તેને આધિન થયા હતા.

શશ્શા સસુર સાસકી સેવા,
કરહુ જાની દેવનકે દેવા;
યા સમ પુણ્ય પુનિત ન આના,
જાકાં શ્રીમુખ આપ બખાના. ૩૩

ભાવાર્થ:—શશ્શા અક્ષરથી એ પ્રમાણે સદ્બોધ ગ્રહણ કરાય છે કે:—પતિવ્રતા સ્ત્રીએ પોતાના સસરા અને સાસુને દેવતાના પણ દેવ જાણીને તેમની સેવા કરવી. એ સમાન અન્ય કોઈપણ પવિત્ર પુણ્ય કાર્ય નથી કે જેનું શ્રી વિષ્ણુ ભગવાને પોતાના મુખારવિન્દથી વર્ણન કર્યું છે.

ષષ્ષા ષડ્રિપુકોં નિત જીતી.
સસુર સેવામેં ધરહુ પ્રીતિ;
સાસુ સેવા બિનુ મિટહીં ન ભીતિ,
દેખહુ શ્રી સીતાકી નીતિ. ૩૪

ભાવાર્થ:—ષષ્ષા અક્ષરથી એ પ્રમાણે સદ્બોધ ગ્રહણ કરાય છે કે:— પતિવ્રતા સ્ત્રીએ ષડ્રિપુ- છ શત્રુ (કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર) ને નિરંતર જીતી કરીને પોતાના સસરાની સેવામાં પ્રીતિ ધારણ કરવી પોતાના સાસુની સેવા કર્યા સિવાય સંસારની ભીતિ મટતી નથી. જુઓ શ્રી જગન્માતા સીતાજીની કેવી પવિત્ર નીતિ હતી?

સસ્સા સુમિરહુ સુખપ્રદ સીતા
પતિવ્રત ધર્મ પ્રવિષ્ઠ પુનીતા
જાકોં વિબુધ સમગ્ર સરાવહીં
પાતવ્રતા ગુણ ઋષિ મુનિ ગાવહીં. ૩૫

ભાવાર્થ:—સસ્સા અક્ષરથી એ પ્રમાણે સદ્બોધ ગ્રહણ કરાયછે કે:—પતિવ્રતા સ્ત્રીએ સર્વદા સુખને આપનાર જગર્જ્જનની ભગવતી સીતાનું સ્મરણ કરવું કે જે પાતિવ્રત્ય ધર્મમાં પ્રવિષ્ઠ અને પવિત્ર છે જેને બધા દેવતાઓ વખાણેછે કારણ કે પતિવ્રતા સ્ત્રીના સદ્ગુણોનું રૂષિ મુનિઓ પણ ગાન કરેછે.

હ હહા હરિ રૂપેણ ભજિપતિકોં
લહહીં શિઘ્ર સતિ પરમ ગતિકોં
દશ લક્ષણ ધરહુ સુખદાઈ
ધર્મ સનાતનકોં ઉર લ્યાઇ. ૩૬

ભાવાર્થ:— હહા અક્ષરથી એ પ્રમાણે સદ્બોધ ગ્રહણ કરાયછે કે:—પતિવ્રતા સ્ત્રીએ પોતાના પતિને હરિરૂપે

ભજીને સતી સ્ત્રી પરમગતિને તત્કાળ પ્રાપ્ત થાયછે. સર્વં-તંત્ર સ્વતંત્ર નિરવદ્ય વેદોક્ત સનાતન ધર્મના દશ લક્ષ-ણો, (ધૃતિ, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઇન્દ્રિયનિગ્રહ, ધી (બુદ્ધિ,) વિદ્યા, સત્ય, અને અક્રોધ જે સુખદાઈ છે તે સર્વ પોતાના અંતઃકરણમાં ધારણ કરવાં.

ક્ષક્ષા ક્ષુદ્રમાર્ગ અનુયાયી
અટત અવનિતલ બેશ બનાઈ
તાકો સંગ કદા ન સ્વિકારહુ
મન, ક્રમ, બચન પતિવ્રત ધારહુ. ૩૭

ભાવાર્થઃ—ક્ષક્ષા અક્ષરથી એ પ્રમાણે સદ્બોધ ગ્રહણ કરાયછેકેઃ—સામ્પ્રત સમયમાં (કળિયુગમાં) કેટલાક ક્ષુદ્ર-માર્ગઃ-તુચ્છમાર્ગ (વેદધર્મ વિરૂદ્ધમાર્ગ)ના અનુયાયીઓ ઉતમ પ્રકારનાં વેષ ધારણ કરીને આ અવનિતલ ઉપર વિચરે છે તેમનો સંગ ક્યારે પણ કરવો નહિ અને પો-તાના મન, ક્રમ અને વચનથી જે પોતાનો સનાતનધર્મ [પાતિવ્રત્ય ધર્મ] છે તેને ધારણ કરવો.

ઞઞ્ઞા જ્ઞાનવન્ત તિય સોઇ
જા ઉર ધર્મસનાતન હોઈ
લાભ અલભ્ય ત્તિનહીં તિય લીન્હા
જિન્હ નિજપતિકો પ્રભુ ઇવ ચીન્હા. ૩૮

ભાવાર્થ:—ઞઞ્ઞા અક્ષરથી એ પ્રમાણે સદ્બોધ ગ્રહણ કરાયછે કે—તેજ જ્ઞાનવાળી સ્ત્રીછે કે જેના અંતઃકરણમાં સનાતનધર્મ [પાતિવ્રત્ય ધર્મ] છે. તેજ સ્ત્રીએ આ સંસારમાં જન્મ ધારણ કરીને અલભ્ય લાભ સમ્પાદન કર્યું કે જે સ્ત્રીએ પોતાના પતિને સાક્ષાત્ પરમેશ્વરની પેઠે જાણ્યું છે. [આ અંતિમ્ વાક્ય નિરંતર સ્મરણમાં રાખવું.]

કચ્છદેશમૈં ગ્રામ મોથાલા
જહઁ પ્રકટે ગુરૂ દીનદયાલા
શ્રીક્ષેમેન્દ્ર ઋષિ સુખકારી
બિપ્રબંશમેં ભયે અવતારા. ૩૯

ભાવાર્થ:—શ્રી કચ્છ દેશાન્તર્ગત મોથાલા નામક ગ્રામમાં દીનઉપર દયા કરનારા; સર્વ સજ્જનોને સુખ આપનારા, શ્રી મહર્ષિ સદ્ગુરૂ ક્ષેમેન્દ્ર મહારાજ સારસ્વત બ્રાહ્મણ કુળમાં અવતાર ધારણ કરી પ્રકટ થયા.

ધર્મ સનાતન ધારણ કારણ
આયે સદ્‌ગુરૂ જીવ ઉધ્ધારન
તાકી કૃપા યત્કિંચિત્ પાઈ
પતિવ્રતા બારાખડી ગાઈ. ૩૭

ભાવાર્થઃ—સનાતનધર્મના ધારણ કરવા માટે. તથા કેટલાક અજ્ઞાની જિવોનો ઉદ્ધાર કરવા માટે સદ્ગુરૂ (શ્રી ક્ષેમેન્દ્ર મહારાજ) પધાર્યા તેમની યત્કિંચિત્ કરૂણાને પ્રાપ્ત થવાથી આ "પતિવ્રતા બારાખડી" નું ગાન કરવામાં આવ્યું છે.

૦ ૬ ૯ ૧

સમ્વત્ નભ વેદાંગ ગ્રહ ભાસ્કર
કાર્તિકવદી પંચમી શશિવાસર
વ્યાસ પ્રધાન તનુજ પ્રભાકર
સુમિરિ શ્રી સિધેશ્વર સુખકર ૩૮

ભાવાર્થઃ—વિક્રમ સમ્વત્ ૧૯૬૦ ના કાર્તિક કૃષ્ણપક્ષ પંચમીને સોમવારે શ્રી વ્યાસ પ્રધાનના પુત્ર પ્રભાકર શર્માએ પોતાના ઈષ્ટદેવ સિધ્ધેશ્વર (જે સુખ કરનારાં છે તે) નું સ્મરણ કરીને આ "પતિવ્રતા બારાખડી" નામક કાવ્યની રચના કરી છે.

યાકો જો નારી નિત ગાવહીં,
કિમ્વા અન્યકો શ્રવણ કરાવહીં;

માતૃગર્ભમેં કબહું ન આવહીં,
સો પ્રમદા પ્રભુપદકો પાવહીં. ૩૯

ભાવાર્થઃ—આ "પતિવ્રતા બારાખડી" નામક કાવ્યનું જે સ્ત્રી નિરંતર ગાન કરે છે; અથવા અન્યને શ્રવણ કરાવે છે. તે સ્ત્રી માતાના ગર્ભમાં ફરી ક્યારે પણ આવતી નથી કારણકે તે સ્ત્રી પરમાત્માના અખંડપદને પ્રાપ્ત થાય છે.

દોહા.

પતિવ્રતા બારાખડી. મમબુધ્ધિ અનુસાર;
નિર્મિત કિય યહ નેહસોં, ભવ જલ તારનહાર.

ભાવાર્થ—આ સંસાર સમુદ્રમાંથી તારનાર "પતિવ્રતા-બારાખડી" નામક કાવ્ય મ્હારી બુદ્ધિ પ્રમાણે આ સ્નેહપૂર્વક નિર્માણ કર્યું છે.

પઢૈ સુનૈં યહ કાવ્યકો, ભાવ સમન્વિત્ કોઇ,
રૂષિ પ્રભાકર તાહિકો અવિરલ આનન્દ હોઇ.

ભાવાર્થ—આ "પતિવ્રતા બારાખડી" નામક કાવ્યનું જે કોઈ ભાવપૂર્વક અધ્યયન કરે છેઃ— અથવા શ્રવણ કરે છે ઋષિ પ્રભાકરશર્મા કહે છે તેમને નિરંતર આનન્દની પ્રાપ્તિ થાય છે.

ભારતમેં ભામિનિ ભજૈં, ભર્તાકો ભક્તિભાંત
યહ વરદાન પ્રદાન કર, શ્રી ગિરિજાકે કાન્ત.

ભાવાર્થઃ—ભારત વર્ષમાં સ્ત્રી પોતાના પતિને રૂડા પ્રકારથી ભજે" એ પ્રમાણે શ્રી પાર્વતીનાપતિ ઈષ્ટદેવ સિદ્ધેશ્વર વરદાન પ્રદાન કરે.

ભૂપ, ભસુર, અરૂ ભામિની, જબ હોવૈં વિદ્વાન
તબહીં ભારત વર્ષકા, હોબેગા કલ્યાન. ૪૫

ભાવાર્થ—જ્યારે ભૂપ, (રાજા) ભુસુર. [બ્રાહ્મણ] અને ભામિનિ (સ્ત્રી) એ ત્રણે "ભકાર વિદ્વાન્ થશે ત્યારેજ ભારત વર્ષનું કલ્યાણ થશે. ॐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

ઇતિ.
શ્રી વ્યાસ પ્રધાન તનુજ
ઋષિ પ્રભાકર શર્મણા વિરચિતા
"પતિવ્રતા બારાખડી"
સમાપ્તા.